# નેમિ-સ્તુતિકાર વિજયસિંહસૂરિ વિશે

રાજગચ્છીય પ્રભાચંદ્રાચાર્યના **પ્રભાવકચરિત**(સં૦ ૧૩૩૪ / ઈ૦ સ૦ ૧૨૭૮)માં અપાયેલ "વિજયસિંહસૂરિ-ચરિત"માં[૧] એમના જીવન સંબદ્ધ માહિતી અત્યલ્પ પ્રમાણમાં મળે છે : જેમ કે તેઓ પરંપરાથી ઈસ્વીસન્‌ના આરંભકાળના, ભૃગુકચ્છ સાથે સંકળાયેલા મનાતા, નિર્ગ્રન્થાચાર્ય આર્ય ખપટની પરિપાટીમાં થઈ ગયેલા; અને ત્યાંનું સુવિશ્રુત જિન મુનિસુવ્રતનું ચૈત્ય તેમના આમ્નાયનું હતું. (આથી તેઓ ચૈત્યવાસી મુનિ હોવાનું ઠરે છે.) પ્રસ્તુત ચૈત્ય આગથી ભસ્મીભૂત થતાં—મંદિર ઈંટ અને કાષ્ઠનું હશે—તેમણે ભરૂચના બ્રાહ્મણોએ કરેલી ધનસહાયથી તેનું પુનર્નિર્માણ કરાવેલું. તેમણે શત્રુંજય તેમ જ ઉજ્જયંતગિરિની યાત્રા કરેલી. (ચરિતકારે આપેલી દંતકથા અનુસાર ઉજ્જયંત પર અંબાદેવીએ આપેલી સિદ્ધ-ગુટિકાના પ્રભાવે તેઓ ઉત્તમ કોટીના કવિ બનેલા અને ત્યાં) તેમણે તત્ક્ષણે "નેમિસમાહિતધિયાં". પદથી પ્રારંભાતી ૨૪ કાવ્યયુક્ત, રૈવતાચલાધીશ જિન અરિષ્ટનેમિની મનોહર સ્તુતિ કરેલી. પ્રભાચંદ્રાચાર્યના કથન અનુસાર એ રચના તેમના સમયમાં ઉપલબ્ધ હતી.

ચરિતનાયક વિજયસિંહસૂરિની વિદ્યમાનતાના કાળ વિશે પ્રભાચંદ્રાચાર્ય કશું જ જણાવતા નથી. (સ્વ૦) મુનિ કલ્યાણવિજયજીના કથન અનુસાર સૂરિએ સુવ્રતજિનનું પુનર્નિર્મિત કરાવેલ કાષ્ઠમય મંદિર જીર્ણ થતાં સં૦ ૧૧૧૬ / ઈ૦ સ૦ ૧૦૬૦ કે સં૦ ૧૧૨૨ / ઈ૦ સ૦ ૧૦૬૬માં ઉદયન મંત્રીના પુત્ર દંડનાયક આમ્રભટ્ટે (આંબડે) પુનરુદ્ધાર કરાવ્યાનો ચરિતકારે ઉલ્લેખ કર્યો છે તે વાત લક્ષમાં લેતાં "અનુમાને આંબડ મંત્રીથી આ આચાર્ય વધારેમાં વધારે ૨૫૦થી ૩૦૦ પૂર્વના હોઈ શકે અને જો આ કલ્પના માનવા યોગ્ય હોય તો વિજયસિંહસૂરિનો સમય વિક્રમની દશમી સદીથી પહેલાંનો માની શકાય નહીં; છતાં એમના સમય વિશેની કોઈ પણ કલ્પના અટકળથી વધુ વજનદાર ગણાય નહિ. એ નામના બીજા પણ અનેક આચાર્યો થઈ ગયા છે પણ આમાંથી કોઈ પણ દશમી સદીથી પૂર્વે થયાનું પ્રમાણ મળતું નથી."[૨]

કલ્યાણવિજયજીના પ્રસ્તુત "પ્રબંધપર્યાલોચન"(ઈ૦ સ૦ ૧૯૩૧)ના અવલોકન પછી, કેટલાંક વર્ષ બાદ, ચરિતકાર-કથિત વિજયસિંહસૂરિવિરચિત સ્તુતિ-કાવ્યની તાડપત્રીય નકલ-જેસલમેરના ભંડારમાંથી પ્રાપ્ત થઈ છે. પત્રની પ્રતિલિપિનો સમય સં૦ ૧૧૬૨ / ઈ૦ સ૦ ૧૧૦૬ હોઈ[૩], કાવ્ય—અને એથી સૂરિ કવિ—તે પૂર્વે થઈ ગયા છે તેટલું તો સુનિશ્ચિત છે જ. બાકીનું કેટલુંક તો પ્રસ્તુત કાવ્ય હવે મુદ્રિત રૂપેણ ઉપલબ્ધ હોઈ[૪], તેના પરીક્ષણ પરથી અંદાજી શકાય છે. (સ્તુતિ-પ્રાંતે કર્તાએ પોતાનું "વિજયસિંહ" નામ પ્રકટ કર્યું છે).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રભાચંદ્રાચાર્ય પ્રસ્તુત રચનાને **"અમરવાક્યો-યુક્ત"** કહે છે[૫] જે મૂળ સ્તુતિને તપાસતાં વાસ્તવિક જણાય છે. સ્તુતિ નિઃશંક ઉત્તમ કાવ્યકૃતિ છે. તેમાં એક તરફથી ચેતોહરતા, આકારનું લાલિત્ય અને સરસતા પ્રગટ થાય છે, તો બીજી તરફ તેનું અંતરંગ સદોર્મિ, ભક્તિરસ, અને શરણ્યના ભાવથી ભીંજાયેલું છે. તેના પ્રારંભ અને અંતનાં પદ્યો અહીં પ્રસ્તુત કરવાથી સ્તુતિની કાવ્યરૂપેણ ઉત્તમતાનું પાસું સ્પષ્ટ થશે :

**नेमिः** समाहितधियां यदि दैवयोगा-
च्चित्ते परिस्फुरति नीलतमालकान्तिः ।
तेषां कुठार इव दूरनिबद्धमूल
दुष्कर्मवल्लिगहनं सहसाच्छिनत्ति ॥१॥

તથા

इति जगति दुरापाः कस्यचित् पुण्यभाजो
बहुसुकृतसमृद्ध्या सम्भवन्त्येव वाचः ।
जिनपतिरपि यासां गोचरे विश्वनाथो
दुरित**विजयसिंहः** सोऽस्तु **नेमिः** शिवाय ॥२४॥

આમ એક ઉત્કૃષ્ટ રચના હોવા છતાં સમગ્ર દૃષ્ટિએ તેનાં શૈલી, કલેવર, રંગઢંગ અને છંદોલય મધ્યકાળના આરંભથી—ઈસ્વીસન્‌ની દશમી-અગિયારમી શતાબ્દીથી—વિશેષ પ્રાચીન હોવાનો તો ભાસ નથી કરાવતાં. સૂરિકવિનું "વિજયસિંહ" અભિધાન પણ તેમને મધ્યકાળથી વિશેષ પુરાતન માનવાની તરફેણ કરતું નથી. જો તેમ જ હોય તો તેમની પિછાન તેમ જ તેમના સમય-વિનિશ્ચય વિશે અન્વેષણા દ્વારા થોડીક તો પ્રગતિ થવાનો અવકાશ અવશ્ય છે.

મધ્યકાલીન સાહિત્ય તપાસી જોતાં તેમાં વિજયસિંહ નામક સૌથી જૂના (અને સમકાલિક) એવા બે સૂરિવરો દૃષ્ટિગોચર થાય છે. એક તો છે નાગેન્દ્ર કુલના સમુદ્રસૂરિના શિષ્ય જેમણે (શ૰) સં૰ ૯૭૫ / ઈ૰ સ૰ ૧૦૫૩માં પ્રભાસમાં રહી પ્રાકૃતભાષા-નિબદ્ધ **ભુવનસુંદરીકથા** રચી છે; જ્યારે બીજાનો ઉલ્લેખ, વલભીવિનિર્ગત કાયસ્થવંશીય કવિ સોઢલે સ્વરચિત સંસ્કૃત રચના **ઉદયસુંદરીકથામાં**, પોતાના મિત્રરૂપે, અને તેમની ખડ્‌ગકાવ્ય-રચનાઓથી સંતુષ્ટ બની રાજા નાગાર્જુને તેમને **"ખડ્‌ગાચાર્ય"**નું બિરુદ આપેલું એવી નોંધ સાથે, ઉલ્લેખ કર્યો છે[૬]. સ્થાનાધીશ શિલાહારવંશીય નાગાર્જુનની એક સ્પષ્ટ મિતિ ઈ૰ સ૰ ૧૦૩૯ની હોઈ આ વિજયસિંહાચાર્ય પણ ઈસ્વીસન્‌ની ૧૧મી શતાબ્દીના પૂર્વાર્ધમાં થયેલા છે[૭]. મોટો સંભવ છે કે સંદર્ભગત **નેમિનાથસ્તુતિ**ના રચયિતા ઉપર કથિત આ બેમાંથી એક આચાર્ય હોય શકે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોય શકે.

ભુવનસુંદરીકથાકાર પ્રથમ વિજયસિંહાચાર્યની તરફેણમાં એક જ મુદ્દો છે; પ્રભાસ ગિરનારની નજીક હોઈ ત્યાંથી તેઓ યાત્રાર્થે સરળતાથી ગયા હોય; પણ તેઓ ભૃગુકચ્છ-ચૈત્યના અધિષ્ઠાતા હોય તેમ જણાતું નથી. તેમની પોતાની પ્રશસ્તિમાં એવો આછોપાતળો પણ ઇશારો નથી. તેમ જ તેઓ તો નાગેન્દ્રકુલના છે, આર્ય ખપટના વંશના નહીં; અને તેમની અદ્યાવધિ કોઈ સંસ્કૃત રચના ન તો મળી આવી છે કે ન તો ક્યાંય ઉલ્લિખિત છે. આ મુદ્દાઓ તેમની સ્તુતિકાર હોવાની સામે જાય છે. બીજી બાજુ ભૃગુપુરવાસી વિજયસિંહ એક સિદ્ધહસ્ત સંસ્કૃત કવિ છે; લાટ દેશથી જલ વા સ્થલમાર્ગે ઉત્તર કોંકણની રાજધાની સ્થાન(થાણા, ઠાણે)સ્થ શિલાહારરાજની સભામાં જવું સુગમ હોઈ, સોઢ્ઢલ-કથિત ખડ્ગાચાર્ય શ્વેતાંબર મુનિ-કવિ વિજયસિંહ તે "નેમિસમાહિતધિયાં૰"ના કર્ત્તા—સ્તુતિની ગુણવત્તા લક્ષમાં રાખતાં-ભૃગુપુરચૈત્યના પરિપાલકમુનિ વિજયસિંહથી અભિન્ન હોવાના નિષ્કર્ષ તરફ દોરી જાય છે.

સ્તુતિનું અંતરંગ જોઈ જતાં તે ઉજ્જયંતગિરિમંડન નેમિનાથને ઉદ્દેશીને રચાઈ હોય તેવું સીધું પ્રમાણ તો તેમાં નથી મળતું; પણ સ્તુતિમાં નેમિનાથની કોઈ પ્રસિદ્ધ પ્રતિમા અવશ્ય ઉદ્દિષ્ટ છે તે તો નીચેનાં બે પદ્યો પરથી સિદ્ધ થઈ જાય છે.

पूजापत्रचयैर्निरन्तरलसत्पत्रावलीमण्डितो<br>
नानावर्णसुगन्धिपुष्पनिकरैः सर्वत्र यः पुष्पितः ।<br>
पादान्ते परिणामसुन्दरफलैः सम्भूषितः सर्वतो<br>
**नेमिः** कल्पतरुः सतामविकलं देयात् तदग्र्यं फलम् ॥३॥

અને

मूर्त्तिस्ते जगतां महार्त्तिशमिनी मूर्त्तिर्जनानन्दिनी<br>
मूर्त्तिर्वाञ्छितदानकल्पलतिका मूर्त्तिः सुधास्यन्दिनी ।<br>
संसाराम्बुनिधिं तरीतुमनसां मूर्त्तिर्दृढा नौरियं<br>
मूर्त्तिर्नेत्रपथं गता जिनपते ! किं किं न कर्तुं क्षमा ? ॥९॥

ભરૂચમાં તો સુવ્રતજિનના પુરાણપ્રસિદ્ધ ચૈત્યાલય અને સં૰ ૧૧૬૮ / ઈ૰ સ૰ ૧૧૧૨માં વીર જિનના એક મંદિર સિવાય અન્ય કોઈ, તેમાં યે જિન નેમિનાથનું કોઈ જ મંદિર હોવાનું કોઈ પણ સ્રોતમાંથી જાણમાં નથી. એથી પ્રભાવકચરિતકારનું એ કથન, કે પ્રસ્તુત "નેમિસમાહિતધિયાં૰" સ્તુતિ ગિરનારસ્થ નેમિજિનને સંબોધાયેલી છે, તેની સત્યતા વિશે શંકા કરવાને ખાસ કોઈ મુદ્દો ઉપસ્થિત થતો નથી. સજ્જન મંત્રીના નેમિતીર્થના સં૰ ૧૧૮૫, ઈ૰ સ૰ ૧૧૨૯ના પુનરુદ્ધારથી લગભગ સો'એક વર્ષ પૂર્વેનો આ સાહિત્યિક સંદર્ભ હોઈ, પ્રસ્તુત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જિનની ગિરનારપર્વત પર સજ્જન મંત્રીની સંરચના પૂર્વે રહેલ પુરાણી પ્રતિમા, અને એથી એના ભવનના અસ્તિત્વ સંબદ્ધ, જે અનેકાનેક પ્રમાણો ઉપસ્થિત છે[૮] તેમાં એક સુદૃઢ પ્રમાણનો આથી વધારો થાય છે.

મુનિ ચતુરવિજયજીએ તો વિજયસિંહસૂરિ અનેક થઈ ગયા છે કહી નેમિસ્તુતિકાર વિજસિંહસંબદ્ધ ગવેષણા ચલાવી નથી[૯]. તો બીજી બાજુ પં૰ અંબાલાલ પ્રેમચંદ શાહની ખડ્ગાચાર્ય વિજયસિંહ સંબદ્ધ ટિપ્પણ અનુસાર "એમનાં કાવ્યો પૈકી કોઈ કાવ્ય હજી સુધી ઉપલબ્ધ થયું નથી."[૧૦] પણ ઉપરની ચર્ચાથી હવે આ બન્ને અનિશ્ચિતતાનો અંત આવે છે. ભૃગુકચ્છ-વિભૂષણ જિન મુનિસુવ્રતના પુરાણા ચૈત્યના અધિપાલક વિજયસિંહાચાર્ય તે જ શિલાહારરાજ સમ્માનિત ખડ્ગાચાર્ય વિજયસિંહ છે અને "નેમિસમાહિતધિયાં૰" સ્તુતિ એ એમની કૃતિ છે એવા નિર્ણય વિનિર્ણય સામે કોઈ આપત્તિ આ પળે તો ઉપસ્થિત થતી હોવાનું જણાતું નથી.

## પરિશિષ્ટ

મૂળ લેખ પ્રસિદ્ધ કરવા મોકલી આપ્યા બાદ, વાદિવેતાલ શાન્તિસૂરિના ગુરુ વિજયસિંહસૂરિ 'ખડ્ગાચાર્ય' હોવા સંબંધમાં પં૰ અંબાલાલ પ્રેમચંદ શાહે વ્યક્ત કરેલી સંભાવના વિશેનું કથન આકસ્મિક નજરમાં આવ્યું : યથા : "પાટણમાં 'સંપક-વિહાર' નામના જિનમંદિર પાસે આવેલા થારાપદ્રગચ્છીય ઉપાશ્રયમાં વિજયસિંહસૂરિ નામના આચાર્ય રહેતા હતા. 'ખડ્ગાચાર્ય' બિરુદથી પ્રસિદ્ધ આચાર્ય આ હોવાનો સંભવ છે." ("ભાષા અને સાહિત્ય," **ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ,** ગ્રંથ ૪, સોલંકીકાલ, અમદાવાદ ૧૯૭૬, પૃ૰ ૨૮૧.) પરંતુ પણ આ વાત સંભવિત જણાતી નથી. પ્રભાવકચરિતકારના કથન અનુસાર વાદિવેતાલ શાંતિસૂરિ (વૃદ્ધવયે) ઉજ્જયંતગિરિ પર સં૰ ૧૦૯૬ / ઈ૰ સ૰ ૧૦૪૦માં પ્રાયોવેશન કરી દિવંગત થયેલા. એમના ગુરુનો સમય આથી ઈસ્વીસન્‌ની દશમી શતાબ્દીનો ઉત્તરાર્ધ (કે થોડું ખેંચીને ૧૧મીના આરંભ સુધીનો) હોવો ઘટે, અને એ કારણસર તેઓ શિલાહારરાજ નાગાર્જુન(ઈ૰ સ૰ ૧૦૩૯)થી તો પાંચેક દાયકા પૂર્વે થઈ ગયા છે. વળી પાટણથી ઠેઠ કોંકણ સુધી તેઓ ગયા હોય, ઊંચી કોટીના કવિ પણ હોય તે બધા વિશે ક્યાંથીયે સૂચન મળતું નથી. એ જ પ્રમાણે ખડ્ગાચાર્ય વિજયસિંહ થારાપદ્રગચ્છના હતા એવી પણ કોઈ સૂચના કોઈ જ અદ્યાવધિ ઉપલબ્ધ સ્રોતમાં તો નથી. આથી મૂળ લેખમાં ભૃગુકચ્છીય-નેમિસ્તુતિકાર—વિજયસિંહ સૂરિ અને ખડ્ગાચાર્ય વિજયસિંહ અભિન્ન હોવાની જે સપ્રમાણ-સયુક્તિ ધારણા ઉપર રજૂ કરી છે તે જ ઠીક જણાય છે. લેખ લખતે સમયે થારાપદ્રગચ્છીય વિજયસિંહસૂરિ ધ્યાનમાં હતા જ; પણ તેમના સમયનો મેળ વાત સાથે બેસતો ન હોઈ એમના વિશે કોઈ ઉલ્લેખ કરવો ઉપકારક લાગ્યો નહોતો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ટિપ્પણો :**

૧. જિનવિજયમુનિ, (સં.) પ્રથમ ભાગ-મૂલ, સિંઘી જૈન ગ્રંથમાલા, ગ્રંથાંક ૧૩, અમદાવાદ-કલકત્તા ૧૯૪૦, પૃ૦ ૪૧-૪૬.

૨. "પ્રબંધ પર્યાલોચન", (૬) 'વિજયસિંહસૂરિ', પૃ૦ ૪૦, **શ્રી પ્રભાવકચરિત્ર** [ગુજરાતી ભાષાંતર] જૈન આત્માનંદ સભા-ભાવનગર, શ્રી આત્માનંદ ગ્રંથમાળા નં૦ ૬૩, વિ૦ સં૦ ૧૯૮૭ [સન્ ૧૯૩૧].

૩. પંડિત લાલચંદ્ર ભગવાનદાસ ગાંધી, "સિદ્ધરાજ અને જૈનો", **ઐતિહાસિક લેખસંગ્રહ** (૧) 'વિજયસિંહ સૂરિ', પૃ૦ ૭૯; તથા Muni Shri Punyavijayaji, *New Catalogue of Sanskrit and Prakrit Manuscripts,* Jesalmer collection, L. D. Series 36, Ahmedabad, 1972, p. 73.

૪. ચતુરવિજય મુનિ, (સં.) **जैन स्तोत्र सन्दोह ( प्राचीन-स्तोत्र-संग्रह ) प्रथमो भागः** અમદાવાદ ૧૯૩૨, પૃ૦ ૧૯૦-૧૯૫.

૫. **नेमिसमाहितधिया**मित्यादिभिरमरवाक्यसंकाशैः ।
काव्यैस्स्तौत्, श्रीमन्नेमिम् स्तुतिरस्ति साऽद्यापि ॥११९॥
—(જિનવિજયજી, પૃ૦ ૪૫)

૬. જુઓ *Eds.* C. D. Dalal and Embar Krishnamacharya, Gaekwad's Oriental Series, No. 11, Baroda, 1920, p. 155; તથા મોહનલાલ દલીચંદ દેસાઈ, **જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ,** મુંબઈ ૧૯૩૧, પૃ૦ ૨૦૮-૨૦૯, કંડિકા ૨૮૫, ટિપ્પણ ૨૨૩.

૭. આ સંબંધમાં વિશેષ ચર્ચા માટે જુઓ V. V. Mirashi, "The Udayasundarikatha of Soddhala," *Professor K. A. Nilakanta Sastri Felicitation Volume,* Madras, 1971, p. 431; તથા આ જ લેખનું પુનર્મુદ્રણ, *Literary and Historical Studies in Indology,* Delhi 1975, p. 86.

૮. *Cf.* M. A. Dhaky, "Urjayantagiri and Jina Aristanemi," *Journal of the Indian Society of Oriental Art,* NS VOL. XI, Calcutta 1980.

૯. ચતુરવિજયજી, "પ્રસ્તાવના", પૃ૦ ૯.

૧૦. રસિકલાલ છોટાલાલ પરીખ અને હરિપ્રસાદ ગંગાશંકર શાસ્ત્રી, (સં.) **ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ,** ભાગ ૪, સોલંકીકાલ, "ભાષા અને સાહિત્ય", પૃ૦ ૨૭૮.

• • •

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org